सत्यमेव जयते

દાખલ તારીખઃ–૨૪–૨–૨૦

ફેસલ તારીખઃ–૨૩–૪–૨૬

કુલ સમય ગાળોઃ–

...વર્ષ..... માસ....... દિવસ.

પોરબંદરના મે. એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.

ક્રિ.કે.નં.635-20
આંકઃ ૭૮

ફરીયાદીઃ– ધ જુનાગઢ જીલ્લા સહકારી બેંક લિ. શાખા પોરબંદર વતી તેના અધિકૃત અધિકારી મુળજીભાઈ રામભાઈ ઝાલા, રે. માધુપુર– ઘેડ, તા. પોરબંદર.

વિરુધ્ધ.

આરોપીઃ– કરશનભાઈ મુળુભાઈ ગોઢાણીયા, મુ. કિંદરખેડા, તા. પોરબંદર.

ગુન્હોઃ– નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ક. ૧૩૮ મુજબ.

ફરીયાદપક્ષે વિ.વ.શ્રી લાખાણી.

આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી સીગરખીયા.

–:: ચુકાદો ::–

(૧) ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી સહકારી ધારા હેઠળ નોંધાયેલ બેન્ક હોઈ આરોપીએ તા.૧–૯–૧૬ ધીરાણ મેળવવા અરજી/ કાર્યવાહી કરતા ફરીયાદી બેંક તરફથી આરોપીને રૂા.૯,૯૫,૦૦૦/– નુ ધીરાણ મંજુર કરેલ. જે સબંધે માસિક હપ્તા

આરોપીએ ભરપાઈ કરવાના હતા, જેમા કસુર કરેલ હોઈ હપ્તા નિયમિત ભરેલ ન હોઈ ફરીયાદીની લેણી રકમ સબંધે આરોપીએ પોતાના બેંક ખાતાનો ચેક આપેલ. જે ચેક ફરીયાદીએ તેમના બેંકમા ભરતા ચેક "અપુરતા ભંડોળ" ના શેરાથી પરત આવેલ, જેથી ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફતે નોટીસ આપેલ જે નોટીસ બજવા છતા આરોપીએ રકમ ચુકવેલ ન હોઈ ફરીયાદ કરેલ છે.

(૨) આરોપી વિરૂઘ્ધ ક્રિ.પ્રો. ની કલમ–૨૦૪ મુજબ પ્રોસેસ કાઢતા આરોપી કોર્ટમાં હાજર થતાં તેઓને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૦૭ મુજબ ફરીયાદ તથા દસ્તાવેજની નકલો પુરી પાડવામાં આવેલ, તેમજ ફરીયાદની હકીકત વાંચી સંભળાવી આરોપીની પ્લી લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં તે સબબ તેઓનું નિવેદન લઈ ફરીયાદ પક્ષનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે. જેમા ફરીયાદીએ સોગંદ પર પુરાવો આપી ફરીયાદની હકીકતો જણાવી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે, જે રેકર્ડ પર હોઈ તેનો ઉલ્લેખ કરેલ નથી.

ત્યાર બાદ આરોપીનુ વિશેષ નિવેદન લેતા તેઓએ ફરીયાદીની ફરીયાદ તથા રજુ થયેલ હકીકતોનો ઈન્કાર કરેલ છે. તેમજ ખોટો કેસ કરેલાનુ જણાવેલ છે. તેમજ સોગંદ પર પુરાવો આપેલ નથી.

(૩) ફરીયાદ પક્ષના કેસની હકીકત અને રેકર્ડ ઉપરનો પુરાવો ઘ્યાને લેતા આ કામનો ન્યાયીક અંત આણવા સારુ મારા મંતવ્ય મુજબ નીચેના મુદ્દા ઉપસ્થીત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપી ઘ્વારા ફરીયાદી બેંકમા લોન સબંધે જરૂરી દસ્તાવેજો કરી આપતા આરોપીને ફરીયાદી સહકારી મંડળી ઘ્વારા રૂા.૯,૯૫,૦૦૦/– ધીરાણ આપેલ ?

(૨) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ઉપરોકત લોનના હપ્તા સબંધે બાકી લેણી નીકળતી રકમ સબંધે ફરીયાદીને પોતાના કાયદેસરના લેણા પેટે વિવાદવાળો ચેક લખી આપેલ. ?

(૩) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોકત ચેક ફરીયાદીએ તેમના ખાતામા જમા કરાવતા "અપુરતા ભંડોળ"ના શેરા સાથે પરત આવેલ છે ?

(૪) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોકત ચેક પરત ફરતા કાયદેસરની નોટીસ આપેલ, તેમ છતા આરોપીએ ચેકની રકમ ચુકવેલ ન હોઈ ફરીયાદીએ કાયદેસરની ફરીયાદ કરેલ છે ?

(૫) શુ આરોપીપક્ષ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ક. ૧૧૮ તથા ૧૩૯ ના અનુમાનોનુ ખંડન કરવામા સફળ રહેલ છે ?

(૬) શું હુકમ ?

(૪) ફરીયાદીના વિ.વ.શ્રીએ દલીલોમા જણાવેલ છે કે, આરોપીએ જે લોન લીધેલ તે મુજબના ફરીયાદીએ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. ચેક સીકયુરીટી પેટે આપેલાનુ વિશેષ નિવેદનમા જણાવતા હોઈ ચેક આપેલાનુ એડમીશન આવી જાય છે. જેથી સીકયુરીટી પેટે આપેલાનો કોઈ પુરાવો આરોપી તરફથી રજુ થયેલ ન હોઈ આરોપી સામેનો કેસ સાબિત થાય છે. જેથી અદાલત સાથે પણ આરોપીએ છેતરપીડી કરેલ હોઈ આરોપીને સખ્તમા સખ્ત સજા કરવા રજુઆત કરેલ છે. વધુમા દલીલ કરેલ છે કે, ચેકના કાયદામાં અનુમાન અંગે ક. ૧૧૯ તથા ૧૧૮ ની જોગવાઈ કરેલ છે. જેથી અદાલતે ચેકના કેસોમા અનુમાન કરવાનુ રહે છે, જેનુ ખંડન આરોપીએ કરવાનુ રહે છે. જે આરોપી કરવામા સફળ રહેલ ન હોઈ આરોપીના ખાતાનો ચેક ફરીયાદી પાસે હોઈ ચેકમા સહી હોવા સબંધે ઈન્કાર ન હોઈ તેથી પણ આરોપીએ રકમ લઈને ચેક આપેલાનુ માની શકાય તેમ હોઈ તમામ હકીકતો ધ્યાને લઈ આરોપીને કડકમા કડક સજા કરવા અરજ કરેલ છે.

આરોપી તરફે વિ.વ.શ્રી ચાવડાએ દલીલોમા જણાવેલ છે કે, અગાઉથી ચેક લઈ લીધેલ છે જે ઉલટતપાસમા સ્વીકારેલ છે. નોટીસ જુનાગઢથી મોકલાવેલ છે. આંક–૨૧ ના ઠરાવમા ફરીયાદીનુ નામ નથી. લોન બે ઈસમોને આપેલ છે. કાનાભાઈને આપેલાનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. લોન જે જમીન સબંધે આપેલ છે તેના દસ્તાવેજો રજુ કરેલ નથી. આરોપીને કોઈ નોટીસ આપેલ જ નથી. જેથી આરોપીના સીકયુરીટી પેટે પડી રહેલ ચેકનો દુરપયોગ કરેલ હોઈ આરોપીનુ કાયદેસરનુ લેણુ પુરવાર થતુ ન હોઈ આરોપીને છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૫) ફરીયાદીના અધિકારીએ પુરાવાનુ સોગંદનામુ રજુ કરી ફરીયાદની હકીકતો જણાવેલ છે, જેની આરોપી તરફે ઉલટતપાસમા જણાવેલ છે કે, એ વાત ખરી છે કે જુનાગઢ જીલ્લા સહકારી બેંકમા મેનેજર તરીકે ફરજ બજાવતા હોવાનો તથા અધિકૃત અધિકારી હોવાનો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. સાહેદ જણાવે છે કે ઠરાવ રજુ કરેલ છે. એ વાત ખરી છે કે આંક– ૨૧ વાળા ઠરાવમા મારુ કોઈ નામ નથી. એ વાત ખરી છે કે કાનાભાઈ તથા કરશનભાઈએ અમારી ફરીયાદી બેંકમાંથી લોન લીધેલ હોય તે બતાવતો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે કશનભાઈ તથા કાનાભાઈએ સંયુકત રીતે કોઈ લોન લીધેલ જ નથી. એ વાત ખરી છે કે લોન મંજુર થયાનો કોઈ પત્ર રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે ચેક

બેંકમા નાંખેલ તે તારીખે લોનની પુરેપુરી રકમ વસુલ કરવાની થતી ન હતી. ચેક મારા તરફથી વટાવવા નાંખેલ. રીટર્ન મેમોમા બાંચ એકાઉન્ટન્ટ લાલાણીભાઈની સહી છે. એ વાત ખરી છે કે ફરીયાદી જુનાગઢ જીલ્લા સહકારી બેંકની પોરબંદર મુકામે કોઈ શાખા બ્રાંચ આવેલ હોય તે બતાવતો કોઈ પુરાવો રજુ કરેલ નથી. નોટીસ પોરબંદર શાખામાંથી આપવામા આવેલ. જે સરનામુ મેર સમાજ, રેલ્વે ફાટક પાસે, પોરબંદર તરફથી આપેલ. નોટીસમા વકીલની સહી છે. વકીલને મે માહિતી આપેલ. જે વકીલ મારફતે પોસ્ટ કરેલ. આ નોટીસથી જુનાગઢથી પોસ્ટ થયેલ છે. એ વાત ખરી નથી કે જુનાગઢથી પોસ્ટ થયાની હકીકત ખોટી જણાવુ છુ. નોટીસ જુનાગઢથી પોસ્ટ થયાનો આધાર પુરાવો રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીને નોટીસ આપેલાની હકીકત ખોટી જણાવુ છુ. મને રેકર્ડ બતાવતા તે જોઈને જણાવુ છુ કે જુનાગઢથી નોટીસ આપેલાનો કોઈ આધાર રેકર્ડમા રજુ નથી. મને આંક–૨૨ બતાવતા તે જોઈને જણાવુ છુ કે તે આરોપીના બેંક ખાતાનુ સ્ટેટમેન્ટ છે. જેમા કરશનભાઈ મુળુભાઈ લખેલ નથી. સાહેદ જણાવે છે કે પ્રથમ વ્યકિતનુ નામ જ પ્રિન્ટ થાય છે. એ વાત ખરી છે કે આંક–૨૨મા વિગેરે શબ્દ લખેલ નથી. હાલની ફરીયાદ એકાદ વર્ષ મોડી દાખલ કરેલ છે. એ વાત ખરી છે કે ફરીયાદ વિલંબથી દાખલ કરવાની કોઈ અરજી અદાલતમા કરેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદમા વિલંબથી ફરીયાદ દાખલ કરવાનુ કોઈ કારણ ફરીયાદમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે બેંકમા ગ્રાહકને લોન આપતા સમયે સીકયુરીટી પેટે ચેકો લેવામા આવતા હોય છે. એ વાત ખરી છે કે ફરીયાદમા જણાવ્યા મુજબ આરોપીને લેખિત તથા મૌખિક જાણ કરેલાના આધાર પુરાવા રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે લેખિત તથા મૌખિક જાણ કયા માધ્યમથી કરેલ તે હકીકત ફરીયાદમા લખેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદમા જે લેખિત તથા મૌખિક જાણ કરેલાની હકીકત જણાવેલ છે તે સબંધે આરોપી સામે કેટલી રકમ બાકી નીકળે છે તેનો કોઈ ઉલ્લેખ ફરીયાદમા કરેલ નથી. આરોપીને ફરીયાદમા જણાવેલ વિગતે લેખિત તથા મૌખિક જાણ કરતા આરોપી આવેલ ન હોઈ અમારી પાસે પડેલ સીકયુરીટીના ચેકો ભરીને બેંકમા નાંખવામા આવેલ.આરોપીના સીકયુરીટી પેટેના ચેકો આ કામે નાંખવામા આવેલ. હપ્તાના ચેક નાંખેલ ન હતા. સીકયુરીટી પેટે ૩ ચેકો લેવામા આવેલ. બાકીના બે ચેકોના નંબર હાલ હુ કહી શકુ નહી. સીકયુરીટી પેટેના ચેકો કોરા હોય છે.એ વાત ખરી છે કે ફરીયાદમા પારા–૨ મા જે રૂા.૧૦,૫૪,૨૩૦/– નો ફરીયાદીની તરફેણમા આપેલ તે ચેક આરોપી રુબરુ બેંકમા આવીને આપેલ હોય તેવુ બનેલ નથી. સીકયુરીટી પેટે લીધેલ ચેક સબંધે કોઈ લખાણ કરેલ નથી. એ વાત ખરી નથી કે સીકયુરીટી પેટે ચેકો લેવાનુ કાયદા મુજબ પરવાનગીને પાત્ર નથી. એ વાત ખરી નથી કે ફરીયાદમા જણાવેલ વિગતના લેણા પેટે આરોપીએ રુબરુ આવી ચેક આપેલ ન હોવા છતા સીકયુરીટી પેટેના ચેકો આરોપીની જાણ બહાર ખોટી રીતે રીટર્ન કરાવી ખોટી નોટીસ આપી ખોટો કેસ કરી ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી

નથી કે મને ફરીયાદ કરવાનો પાવર ન હોવા છતા ખોટી ફરીયાદ કરેલ છે.એ વાત ખરી નથી કે પોરબંદરની હકુમતમા ફરીયાદ કરવાની હકુમત ન હોવા છતા ખોટી ફરીયાદ કરેલ છે.

ત્યાર બાદ ફરીયાદી તરફથી વધુ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ હોઈ ફરીયાદીની વધુ ઉલટતપાસ કરતા તેમા જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મે રજુ કરેલ દસ્તાવેજો ધ્યાને લેતા લોન બે ઈસમોએ લીધેલ. જેમા કાના મુળુભાઈ તથા કરશનભાઈ મુળુભાઈ હતા. એ વાત ખરી નથી કે મારા કહેવા મુજબ લોન ભરવાની બંનેની ૫૦ % ટકા જવાબદારી થાય. એ વાત ખરી છે કે આ બંને આરોપીઓ પૈકી કોઈ એક આરોપીએ સમગ્ર લોનની રકમ ભરપાઈ કરવા જવાબદારી લીધેલ હોય તેવો કોઈ પુરાવો અમારી પાસે નથી. એ વાત ખરી છે કે મારે બેંક તરફથી જે કોઈ પત્ર વ્યવહાર કરવાનો થાય તે બંને આરોપીઓને કરવાનો થાય. એ વાત ખરી છે કે આંક–૬૩ થી ૭૩ સુધીના દસ્તાવેજી પુરાવામાં બંને લોન ધારકોને નોટીસ બજેલ હોય તેવો પુરાવો રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આ કામે કાનાભાઈ મુરૂભાઈને આરોપી તરીકે દર્શાવેલ નથી, તેમજ નોટીસ આપેલ નથી. એ વાત ખરી છે કે આંક–૭૨નો દસ્તાવેજ હાલની ફરીયાદ દાખલ કર્યા પછીનો છે. આંક–૭૨ મુજબ લોન ધારકોને રૂા.૯,૯૫,૦૦૦/ બાકી નીકળતા હોવાનુ જણાવેલ છે. એ વાત ખરી છે કે હાલના કામે વિવાદવાળો ચેક રૂા.૧૦,૫૪,૨૩૦/– નો છે. એ વાત ખરી છે કે રૂા.૧૦,૫૪,૨૩૦/– બાકી નીકળતા હોવાનો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. સાહેદ જણાવે છે કે વ્યાજ સહીતની રકમનો ચેક છે.

ફરીયાદી તરફે આંક–૧૬ થી ૨૨ સુધીના તેમજ આંક–૬૩ થી ૭૩ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે. ત્યાર બાદ ફરીયાદી તરફે પુરાવો પુરો થયાની જાહેરાત કરેલ છે. આરોપીએ કોઈ પુરાવો આપેલ નથી.

(૬) બંને પક્ષને સાંભળ્યાં. આ કામે ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેવામા આવે તો તા.૨૩–૧૨–૧૯ નો ચેક છે. જે બેંકમા નાંખતા તે જ તારીખે રીટર્ન મેમો આવેલ છે. ફરીયાદીને તા.૨–૧–૨૦ ના રોજ નોટીસ આપેલ છે. જે તા.૯–૧–૨૦ ના રોજ બનેલ છે. જેથી તા.૨૩–૨–૨૦ સુધીમા ફરીયાદ દાખલ કરવાની રહે છે. જે સબંધે ફરીયાદ પારા–૫ મા ઉલ્લેખ કરેલ છે કે, તા.૨૩–૨–૨૦ ના રોજ જાહેર રજા હોઈ જનરલ કલોઝીજ એકટની જોગવાઈ મુજબ તા.૨૪–૨–૨૦ ના રોજ ફરીયાદ દાખલ કરેલ છે. જેથી ફરીયાદ સમયમર્યાદામા હોવા સબંધે તકરાર નથી.

આરોપીના વિ.વ.શ્રીએ ફરીયાદીની ઉલટતપાસમા એક વર્ષ બાદ ફરીયાદ દાખલ કરેલાનો સવાલ પુછતા તેઓએ હકારમા જવાબ આપેલ છે. પરંતુ તે સવાલ લેણા સબંધે

છે. જે સબંધે દલીલોમા ખુલાસો કરેલ છે. જેમા સને ૧૬ મા લોન આપેલ હોઈ સને ૨૦૧૯ મા સમયગાળો પુરો થતો હોવા છતા સને ૨૦ મા ફરીયાદ દાખલ કરેલ હોવા સબંધે આરોપીના વિ.વ.શ્રીએ સવાલ પુછેલાનુ માનવા કારણ રહે છે. પરંતુ ચેકની તારીખ ધ્યાને લેવામા આવે તો તા.૨૩–૧૨–૨૦૧૯ છે. જેથી ઉલટતપાસમા પુછેલ સવાલો આરોપીને મદદરૂપ થાય તેમ નથી. સને ૨૦૧૬ મા લોન આપેલ હોવા છતા લોનના હપ્તાનો સમયગાળો ધ્યાને લેતા તેમજ બેંકમા લોનના હપ્તા ભરવામા આવતા હોય તે હકીકત લક્ષમા લેતા પણ આરોપીને તે પ્રકારે સમયગાળાનો લાભ મળી શકે તેમ નથી. આંક–૨૧ થી જુનાગઢ જીલ્લા સહકારી બેંક લિ. નો ઠરાવ રજુ થયેલ છે. આંક–૨૨ થી બેંકનુ સ્ટેટમેન્ટ રજુ થયેલ છે. આંક–૨૧ ના ઠરાવ મુજબ આરોપી સામે કાર્યવાહી કરવાના બ્રાંચ મેનેજરને અધિકારો આપેલાનો ઉલ્લેખ છે. આંક–૬૩ થી આરોપીની ધીરાણ માટેની અરજી સબંધે વેલ્યુએશન રીપોર્ટ, આંક–૬૪ થી ભલામણ રીપોર્ટ, આંક–૬૫ થી લોન રીવાઈઝ લેટર, આંક–૬૬ થી તા.૧૪–૯–૧૬ નો પત્ર, આંક–૬૭ થી આરોપી તથા તેમના ભાઈ કાના મુળુને આપેલ કરજ તથા જમીનની નકલ, આંક–૬૮ થી મંજુરી પત્રની શરતો માન્ય રાખવાનો પત્ર, આંક–૬૯ થી આરોપીઓ તરફે લખી આપેલ વચન ચિઠ્ઠી, આંક–૭૦ થી ૭૩ સુધીની આરોપી તથા તેમના ભાઈને આપેલ નોટીસો રેકર્ડમા રજુ છે. જેથી આરોપી તથા તેમના ભાઈ કાનાભાઈ મુળુભાઈએ સંયુકત રીતે ફરીયાદી સહકારી બેંકમાંથી લોન લીધાનુ રેકર્ડ પર સ્પષ્ટ પુરવાર થાય છે. આરોપી તરફે જુનાગઢથી નોટીસ આપેલાની તકરારો લીધેલ છે, જે સબંધે કાયદામાં ચોકકસ કોઈ સ્થળ પર થી જ નોટીસ આપવી તેવો ઉલ્લેખ ન હોઈ તેમજ તેવી કોઈ કાયદાકીય જોગવાઈ પણ અદાલત સમક્ષ રજુ કરેલ ન હોઈ તે દલીલો પણ આરોપીને મદદરૂપ થાય તેમ નથી. આમ, ફરીયાદી તરફે રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવા રેકર્ડ પર પુરવાર થતા હોઈ **DOCUMENT SPEAK ITSELF** ના સિધ્ધાંત ધ્યાને લેતા પણ આરોપીએ ફરીયાદી સહકારી બેંકમાંથી ફરીયાદમા જણાવેલ વિગતે લોન લીધેલ હોઈ તેમજ તે સબંધે વિવાદવાળો ચેક લખી આપેલાનુ તેમજ બેંક મેમો મુજબ ચેક પરત થતા વિવાદવાળી નોટીસ આપેલ હોઈ આરોપીએ ગુનો કરેલાનુ પુરવાર થાય છે.

(૭) રેકર્ડ પર જોવામા આવે તો આરોપી જે બચાવ લઈને આવેલ છે તેવો કોઈ બચાવ રેકર્ડ પર સ્થાપિત કરવામા સફળ રહેલ નથી.આરોપી તરફે જે દલીલ થયેલ છે કે, " નોટીસ જુનાગઢથી મોકલાવેલ છે, તેમજ આંક–૨૧ ના ઠરાવમા ફરીયાદીનુ નામ નથી." જે સબંધે નોટીસ ચોકકસ કયાંથી મોકલવી તે સબંધે ઉપર ચર્ચા કરેલ છે તે મુજબ કોઈ કાયદાકીય પ્રતિબંધ ન હોઈ તેમજ ઠરાવમા નામ ન હોય તો આરોપીને લાભ મળે તેવી કાયદાકીય જોગવાઈ ન હોઈ તે દલીલો આરોપીને મદદરૂપ થાય તેમ નથી. આરોપી તરફે દલીલ થયેલ છે કે, "લોન બે ઈસમોને

આપેલ છે. કાનાભાઈને આપેલાનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. લોન જે જમીન સબંધે આપેલ છે તેના દસ્તાવેજો રજુ કરેલ નથી," જે સમગ્ર દલીલો સીવીલ દાવાના કામે આરોપીને મદદરૂપ થઈ શકે. પરંતુ હાલનો કેસ ચેકનો હોઈ અનુમાન કરવાની કાયદાથી જોગવાઈ હોઈ ફરીયાદીની તરફેણમા અનુમાન થઈ શકે તેમ હોઈ તેનુ ખંડન આરોપીએ કરવાનુ હોઈ આરોપી તરફે માત્ર ઈન્કારીયતભર્યા જવાબો જ આપેલ હોઈ તેમજ ફરીયાદીની તરફેણમા કાયદાથી ઉપસ્થિત થયેલ ક. ૧૧૮ તથા ૧૩૯ નુ ખંડન થાય તેવો કોઈ જ પુરાવો રેકર્ડ પર આપેલ ન હોઈ આરોપીની દલીલો માની શકાય તેમ નથી. ચેકના કાયદાની જોગવાઈ મુજબ આ કામે ફરીયાદીએ આરોપીને આપવાની નોટીસ આપેલાનુ રેકર્ડ પર પુરવાર થયેલ છે.

(૮) આ કામે ફરીયાદી સહકારી બેંક હોઈ તેમની કામગીરી લોન આપવાની રહેતી હોઈ તે મુજબ આરોપીએ લોનની માંગણી કરતા ફરીયાદીએ લોન આપેલ હોઈ જે સબંધે આરોપીએ લીધેલ બચાવ/ડીફેન્સ બાબતે નામદાર ત્રિપુરા હાઈકોર્ટનો ચુકાદો જે શ્રી રામ ટ્રાન્સપોર્ટ કંપની સબંધે છે, જે TRIPURA HIGH COURT SINGLE BENCH (Before : T. Amarnath Goud, J.) MANIK LAL DAS — Appellant Vs. DIPANKAR MAJUMDER — Respondent Crl. Rev. P. No. 58 of 2019 Decided on : 19-04-2022 **ધ્યાને લેતા તેમા ઠરાવેલ છે કે,** Sri Ram Finance Company limited is not a person but a corporate entity. Being a corporate entity, the company cannot personally come to the Court for lodging a complaint for violation of the provisions of Section-138 of the NI Act unless it is represented by some human agency. It is also true that the complainant have failed to adduce any documentary evidence to establish that he was authorised by the Finance Company to lodge the complaint it its behalf, but that does not mean that the complainant is an absolute stranger and does not have any authority either express or implied to lodge the complaint. This is because, that Negotiable Instrument Act does not mandate the existence of an express written authorisation for lodging a complaint on behalf of a company or any other legal entity.

16. In fact, no procedure is provided under the NI Act as to in what manner the company is to be represented in preferring a complaint before the Court for violation of the provisions under Section-138 of the NI Act. The Act does not prevent any person not having a written authorisation from a company from lodging the complaint on behalf of a legal entity, as no requirement of written authorization has been provided in the NI Act. So, any person connected with the affairs of the company i.e. its manager,

partner of director or any other person authorised by the company can lodge a complaint under Section-138 of the NI Act.

નામદાર ત્રિપુરા હાઈકોર્ટ ધ્વારા વધુમા ઠરાવેલ છે કે, The other contention of the counsel for the petitioner is that there is an arbitration clause in the agreement which provides that in the event of any dispute between the parties, the matter shall be referred to arbitration to be held at Agartala. Here also I find that the trial court has rightly held that the parties to an agreement cannot by mutual agreement oust the jurisdiction of a criminal court to adjudicate a dispute of criminal nature arising out of the agreement.

આમ, ફરીયાદીનો કેસ સાબિત થતો હોવાનુ અદાલતનુ તારણ થાય છે, જે સબંધે નામદાર ત્રિપુરા હાઈકોર્ટ ધ્વારા પણ ઠરાવેલ છે કે, As regards the question whether the accused committed the offence under Section 138 of the N.I. Act, Section-138 provides that where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money being insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both.

આ કામે રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતા ફરીયાદીની તરફેણમા આરોપીએ દસ્તાવેજો કરી આપતા લોન ફરીયાદીએ આપેલ હોઈ કાયદાકીય બાબતે પણ નામદાર ત્રિપુરા હાઈકોર્ટ ધ્વારા અવલોકન કરેલ છે કે, The accused petitioner has not denied his signature in the cheque. But he claimed that he had given thirty five post dated cheques as security for the loan taken by him and one of these cheques was misused by the complainant for lodging the instant complaint. Thus, the fact that the cheque was issued by the accused petitioner remains undisputed. On the question whether the cheque was issued by the accused petitioner for discharging a legally enforceable debt, Section-118 (a) of the Negotiable Instruments Act provides that a presumption is attached to every negotiable instrument that it was made

or drawn for consideration, and that every such instrument, when it has been accepted, endorsed, negotiated or transferred, was accepted, endorsed, negotiated, or transferred for consideration. Section 139 of the N.I. Act, 1881 raises a statutory presumption that the holder of the cheque, unless the contrary is proved, received the cheque for the discharge of any debt or liability.

આમ, સમગ્ર ચુકાદાના અંતે નામદાર ત્રિપુરા હાઈકોર્ટ ધ્વારા ઠરાવેલ છે કે,

The entire case runs around the legally enforceable debt. Admittedly, learned senior counsel appearing for the petitioner has not denied with regard to the payment received and the cheque issued and he has not even advanced any evidence with regard to the issuance of post dated cheques. Further, he has not placed any evidence before this Court with regard to the non-compliance of the notice issued by the complainant show that the recipient is a stranger. The complainant being the branch manager of Shriram Transport Finance Company Ltd., filed the complaint as his position as Manager empowered and authorized him to file the same. However, at a later stage the said authorization has also been filed. The argument advanced on the point of arbitration is not applicable in the facts and circumstances of this case since, it governs under the special statute of Central Act under Section-138. Since the point regarding legal enforceable debt has not been demolished by the counsel appearing for the petitioner, this Court has no hesitation to confirm the orders passed by the learned Courts below.

જેથી ચેકના કાયદાનો દુરપયોગ ન થાય તેમજ આરોપી ટેકનીકલીટીનો ગેરલાભ ન મેળવી જાય, તે જોવાની અદાલતની ફરજ હોઈ તે સબંધે પણ નામદાર ત્રિપુરા હાઈકોર્ટ ધ્વારા ઠરાવેલ છે કે, The litigation under Section-138 of the NI Act though, it is statutorily technical in nature, the argument advanced on the point of cheque numbers being 686379, but in the legal notice the cheque number being noted as 6863793, it is purely technical in nature, it cannot be considered too technical for the purpose of denying the justice. In order meet the ends of justice; this Court feels that this argument i.e. the cheque numbers were not tallied, carries no weightage.

44. In view of the above discussion, I find that the Ld. Trial court has rightly held the accused Manik Lal Das guilty and convicted him for the

offence under Section-138 of the Negotiable Instruments Act, 1881. This Court also finds no infirmity in the decision of Ld. Trial court in so far as it has sentenced the petitioner to pay a fine of Rs. 22,12,141/-, (Rupees twenty two lakh twelve thousand and one hundred and forty one only) and in default to suffer simple imprisonment for one year and that the fine money, if realized shall be paid in full to the complainant as compensation.

(૯) ચેકના કાયદાની ક.૧૩૮ ના તત્વો પરીપુર્ણ થતા હોય તો જ આરોપી સામે કેસ ચાલવાપાત્ર બને છે, જે સબંધે નામદાર સર્વોચ્ચ અદાલતે S.M.S. Pharmaceuticals Ltd. V/s. Neeta Bhalla and Anr., 2007 3 SCALE 245, ના કામે ઠરાવેલ છે કે, "In terms of Sec. 138 of the Act, <u>a complaint petition alleging an offence thereto must demonstrate that the following ingredients exist that</u>: (i) a cheque was issued; (ii) the same was presented; (iii) but, it was dishonoured; (iv) a notice in terms of the said provision was served on the person sought to be made liable; (v) despite service of notice, neither any payment was made nor other obligations, if any, were complied with within fifteen days from the date of receipt of the notice.

જે મુજબ જોવામા આવે તો આરોપીની ચેકમા સહી હોવા સબંધે કોઈ તકરાર ન હોઈ માત્ર ખોટો કેસ કરેલાનુ કહી દેવાથી જ આરોપીની જવાબદારીનો અંત આવેલ માની શકાય નહી. વધુમા વિવાદવાળો ચેક બેંકમા રજુ થતા બેંક ધ્વારા અપુરતા ભંડોળથી ચેક પરત થયેલ હોવા સબંધે કોઈ જ તકરાર નથી. આરોપીને નોટીસ મળેલ ન હોવાનો કોઈ બચાવ નથી. આરોપીએ કોઈ ચુકવણુ કરેલાનો પણ પુરાવો નથી. જેથી રેકર્ડ ઉપર ફરીયાદી તરફે જે દસ્તાવેજો રજુ થયેલ છે તે જોતા તેમજ તે દસ્તાવેજો સબંધે બેન્કર્સ બુક ઓફ એવીડન્સ એકટની જોગવાઈઓ મુજબ પણ આ કામે ક.૧૩૮ ના કેસ સબંધે પુરતા કારણો હોવાનુ ફલિત થાય છે.

જેથી ફરીયાદી તરફે જે દસ્તાવેજી પુરાવો જે રજુ થયેલ છે. તે જોતા દસ્તાવેજ સ્વંય બોલે છે, તે સિધ્ધાંત ધ્યાને લેતા પણ આરોપી તરફેની દલીલો માની શકાય તેમ નથી. આ કેસનો પ્રકાર જોતા ઉપર ચર્ચા કરી છે તે મુજબ ચેકને લગતા કેસો છે, જે સમરી ટ્રાયલથી ચલાવી છ માસમા પુરા કરવાની જોગવાઈ કાયદાથી નિર્ધારીત કરવામા આવેલ છે. તેમજ વેપારી વ્યવહાર પારદર્શીય બનાવવા માટે કાયદાથી આ પ્રકારના કેસોને સમરી ટ્રાયલ બનાવી અનુમાન કરવા સબંધેની જોગવાઈઓ દાખલ કરેલ છે. જેથી માત્ર ફરીયાદીનો એક માત્ર પુરાવો હોય તો પણ

આવા કેસોમા બેન્કર્સ બુકસ ઓફ એવીડન્સની જોગવાઈઓ મુજબ ચેક તથા બેંકના દસ્તાવેજો રજુ કરવાથી પણ આરોપી વિરૂઘ્ધનો કેસ પુરવાર માની શકાય. જેથી તે હકીકતે જોતા પણ જે પ્રકારે કાયદેસરનુ લેણુ બતાવવા માટે ફરીયાદી પાસે પુરાવાની અપેક્ષા રાખી શકાય, તે જ પ્રકારે આરોપીએ પણ કાયદા મુજબના અનુમાનો ક. ૧૧૮ તથા ૧૩૯ ના ખંડન કરવાની ફરજ બને છે, જેવા કોઈ જ અનુમાનોનુ ખંડન આરોપી તરફે કરવામા આવેલ નથી. આ કામે ફરીયાદીની ઉલટતપાસમા આરોપીના વિ.વ.શ્રીએ જે પ્રકારના સવાલો પુછેલ છે તેમા મોટા ભાગના સવાલો આરોપી પક્ષને મદદરૂપ થતા ન હોઈ આરોપીના વિ.વ.શ્રીની દલીલ માની શકાય તેમ નથી.

(૧૦) આમ સમગ્ર હકીકતે ચેકોની ફરીયાદોમા ફરિયાદીએ વિવાદવાળી રકમ તેમના ખાતામા જમા થયેલી નથી તેમજ આરોપીના ખાતાવાળો ચેક તેઓએ બેંકમા રજુ કરતા બેંકમાથી અપુરતા ભંડોળ અથવા કાયદામા જણાવ્યા મુજબના અન્ય શેરા સાથે પરત આવેલ, અને ત્યાર બાદ નોટીસ આપવા છતા તેવી રકમ આપેલ ન હોવાની હકીકત જ અદાલત સમક્ષ બતાવવાની રહે છે. આરોપીના ખાતામા જે દિવસે ચેક રજુ થયેલ તે દિવસે પુરતુ બેલેન્સ ન હોઈ તે કારણે ચેક પરત થયેલ છે. જેથી પણ આરોપીનો ઈરાદો ફરીયાદોનો ચેક પાસ ન થાય તે હેતુનો રેકર્ડ પર પુરવાર થતો હોઈ નેગોશીએબલ ઈન્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ ની જોગવાઈ નુ સદર મહત્વનુ તત્વ પણ ફરીયાદનો પુરાવો જોતા સાબીત થતુ હોય તેમ માની શકાય તેમ છે. આમ, ફરીયાદ પક્ષ તરફથી જે પુરાવો રજુ કરવામાં આવેલ છે તેની ઉપર ચર્ચા કર્યા મુજબ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાનું વિશ્લેષણ કરતા કલમ–૧૩૮ નાં તમામ તત્વો ફરીયાદ પક્ષે પરીપૂર્ણ કરેલ છે. જેથી મુદ્દા નં.૧ થી ૪ નો જવાબ હકારમા આપવામા આવે છે, તેમજ આરોપી અનુમાનનુ ખંડન કરી શકેલ ન હોઈ મુદ્દા નં. ૫ નો જવાબ નકારમાં આપી કાયદાથી જે અનુમાન કોર્ટ કરવા બંધાયેલ છે તેવુ અનુમાન થઈ શકે તેમ હોઈ તે સંજોગોમા આરોપી કલમ–૧૩૮ હેઠળનાં ગુના માટે તકસીરવાન ઠરેલા છે. ત્યારે હાલનો કેસ સમન્સ ટ્રાયલ ચલાવવામા આવેલ છે જેથી આરોપીને સજાના મુદ્દા પર સાંભળવાની કાયદાથી આવશ્યકતા રહેતી નથી, તેમ છતા કુદરતી ન્યાયના સિઘ્ધાંતો અનુસાર આરોપીને સજાનાં પ્રશ્ન અંગે સાંભળવા માટે કામ મુલત્વી.

હુકમ આજ તારીખ ૨૩ એપ્રિલ સને ૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહીથી વાંચી, સંભળાવી જાહેર કર્યો.

(ભાવેશ જેઠાભાઈ પટેલ)
પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને
એડી. ચીફ જયુડી. મેજી. પોરબંદર.
કોડ નં. જી.જે. ૦૦૯૭૭

તા.૨૩–૪–૨૬

SELF TYPE

–:: ફો. કેસ નં.૬૩૫/૨૦ ના કામે આખરી હુકમનુ સાંધણ. ::–

(૧૧) ઉપરોક્ત ચુકાદો આરોપી તથા તેમના વકીલશ્રીની હાજરીમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે. બચાવ પક્ષે વિધ્વાન વકીલશ્રીની રજુઆત છે કે, આરોપીનો પ્રથમ ગુનો છે, આરોપી પોતાના કુંટુબનો એકલો જ કમાણી કરનાર ઈસમ છે, આરોપીનું ભવિષ્ય ઉજળુ છે તે ધંધાદારી માણસ છે, આરોપીના ઘરમાં બીજો કોઈ કમાણી કરનાર ઈસમ નથી, આરોપી વિરુધ્ધ સમાજ વિરોધી ગુનાનું તહોમત નથી. વાણીજયક વ્યવહાર હોઈ આરોપીને ઓછામાં ઓછી સજા કરવી જોઈએ અથવા તો પ્રોબેશનનો લાભ આપી આરોપીને છોડી મુકવો જોઈએ.

ફરીયાદ પક્ષે વકીલશ્રીએ જણાવેલ છે કે ફરીયાદી સાથે આરોપીએ છેતરપીંડી કરેલ છે, ચેકની રકમ ખુબ જ મોટી છે. લાંબા સમયથી ફરીયાદીની રકમ રોકાઈ રહેલ છે. કામકાજ પુર્ણ કરવા છતા રકમ આપેલ નથી. ફરીયાદી સાથે મોટી રકમની છેતરપીંડી આરોપીએ કરેલ હોઈ માતબર રકમ છેલ્લા ઘણા સમયથી ફરીયાદીની રોકાઈ રહેલ હોઈ તેનુ ભરપાઈ થઈ શકે તેમ ન હોઈ આરોપીને કાયદા મુજબ સજા કરવી જોઈએ તેમજ ફરીયાદીને વળતર પણ અપાવવું જોઈએ.

(૧૨) આ કામે આરોપી અધિનિયમની કલમ–૧૩૮ ના ગુનાના કામે તકસીરવાન ઠરેલ છે. હાલના સમયમા ચેકોનો દુરપયોગ કરી ફરીયાદી સાથે છેતરપીડીના બનાવો વધી ગયેલ છે. રોજબરોજના વ્યવહારમા લોકો ખોટા ચેક આપવાનું વધારે પસંદ કરે છે, તેવા કારણસર આવા ગુનાઓ ની ઉતરોતર વૃધ્ધિ થવા પામી છે, કાયદાનો હેતુ અને ઉદેશ ઘ્યાનમાં લેતા આરોપીએ નિર્દોષ વ્યકિત પાસેથી મોટી રકમનો ચેક ફરીયાદીને આપેલ છે જે ચેક અપુરતા નાણા ભંડોળને કારણે પરત ફરેલ છે તેવા સંજોગોમાં હું આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ અથવા ક્રિ.પ્રો. કોડની કલમ–૩૬૦ અન્વયે પ્રોબેશનનો લાભ આપવા ન્યાયસંગત ગણતો નથી. તે જ પ્રકારે આરોપી તરફે પણ આવો લાભ મળવા સબંધે કોઈ કાયદાકીય જોગવાઈ અદાલત સમક્ષ રજુ કરેલ નથી. આરોપીને કાયદામા જે સજાની જોગવાઈ કરવામા આવેલ છે તે સજા કરવાની આ અદાલતને સત્તા છે. તેમજ મેજીસ્ટ્રેટને જો યોગ્ય લાગે કે ફરીયાદીને થયેલ નુકશાન માટે વળતર આપવુ છે તો ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૭ નો આસરો લઈ શકશે, આ બાબતની ચર્ચા પણ નામદાર સર્વોચ્ચ અદાલતના અનેક ચુકાદામાં પણ કરવામાં આવેલ છે. સાથોસાથ એ પણ યાદ રાખવુ જોઈએ કે અદાલતે કોડની કલમ–૩૫૭(૩) ની જોગવાઈઓનો ઉદારતા પૂર્વક લાભ આપવો જોઈએ. પેટા કલમમાં વળતર અંગે કોઈ મર્યાદાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી તેથી મેજીસ્ટ્રેટ કોઈ પણ રકમ વળતર તરીકે અપાવી શકે છે. અલબત આવી વળતરની રકમ નકકી કરતી વખતે મજીસ્ટ્રેટે એવી

વીચારણા કરવાની છે કે, ફરીયાદીને વળતર ચૂકવવા અંગે એવોર્ડ કરવાની સતા છે સાથે ક્રિ.પ્રો.કો.ની કલમ–૩૫૭ (૫) પણ ધ્યાને લેવી જરૂરી છે. આમ જયારે મેજીસ્ટ્રેટને લાગે કે ફરીયાદીને વળતર આપવું જોઈએ તો તે કેદની સજા કર્યા પછી ફરીયાદીને વળતર અંગે એવોર્ડ કરી શકશે જે કોડની કલમ–૩૫૭ માં કોઈ મર્યાદા નકકી કરવામાં આવી નથી. સજા અને વળતર વિશેના પ્રશનો ટ્રાયલ કોર્ટે વિચારવાના છે.

(૧૩) નામદાર ગુજરાત હાઈકોર્ટે શંકરલાલ એમ. પરમાર વિ. દિનેશ બાબુલાલ બોરીયાવાલા તથા બીજાઓ, ૨૦૦૭ (૧) ગુ.લો.હે. ૨૨૫ નાં ચુકાદાથી નામદાર નીચલી કોર્ટે આરોપીને કરવામાં આવેલ રૂા. ૫૦૦૦/– નો દંડ બાજુ ઉપર મુકવાનો હુકમ કરી ફરીયાદીને રૂા. ૨,૦૦,૦૦૦/– વળતર તરીકે ચુકવી આપવાનો નીચલી કોર્ટનો હુકમ બહાલ રાખેલ છે. આ બાબત પર મેજીસ્ટ્રેટ ફરીયાદી અને આરોપીને સાંભળી વ્યાજબી વળતરની રકમ નકકી કરી શકે છે. આમ, ફરીયાદીની રજુઆત અને આરોપીની પરીસ્થીતી ધ્યાને લેતા ન્યાયનાં હીતમાં નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

–:: આખરી હુકમ ::–

૧. બી.એન.એસ.એસ. ક. ૨૭૮(૨) જુના ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૫(૨) હેઠળ આરોપી કરશનભાઈ મુળુભાઈ ગોઢાણીયા, મુ. કિંદરખેડા, તા. પોરબંદરવાળાને નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ સાથે વાંચતા ક. ૧૪૨ મુજબના શિક્ષાપાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવવામા આવે છે. તેમજ ઉપરોકત ગુનાના ભંગ બદલ આરોપીને ૧ વર્ષની સાદી કેદની સજા ફરમાવવા હુકમ કરવામા આવે છે.

૨. વધુમા આ કામે ફરીયાદીને આરોપીએ બી.એન.એસ.એસ. ક. ૩૯૫ જુના ક્રિમીનલ પ્રોસીજર કોડ ક. ૩૫૭ ની જોગવાઈઓ મુજબ વળતર પેટે રૂા.૧૫,૦૦,૦૦૦/– (અંકે પંદર લાખ રૂપિયા પુરા) ચુકવવાનો હુકમ કરવામા આવે છે. બી.એન.એસ.એસ. ક. ૪૦૪ જુના ક્રિ.પ્રો. કોડની કલમ–૩૬૩ મુજબ આરોપીને આ હુકમની એક નકલ તાત્કાલીક વિના મુલ્ય આપવી.

૩. આરોપીના જામીન તથા ખત રદ કરવાં. આરોપીને જયુડીશ્યલ કસ્ટડીમા લેવા હુકમ કરવામા આવે છે. આરોપીએ માત્ર આ ગુનાના કામે જેલમાં જો કોઈ સમય જેલમા વીતાવેલ

હોય તો બી.એન.એસ.એસ. ક. ૪૬૮ જુના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ મજરે આપવાનો રહેશે.

હુકમ આજ તારીખ ૨૩ એપ્રિલ સને ૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહીથી વાંચી, સંભળાવી જાહેર કર્યો.

(ભાવેશ જેઠાભાઈ પટેલ)
પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને
એડી. ચીફ જયુડી. મેજી. પોરબંદર.
કોડ નં. જી.જે. ૦૦૯૭૭

તા.૨૩–૪–૨૬

SELF TYPE